Letter No: WCDD/0069/02/2023 Dt: 09-02-2023

નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) ની કચેરી ખાતેની વર્ગ-૩ ની ૩૮ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/0006/B1

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૫/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક: આઇસીડી/ ૧૦૨૦૨૨/૨૪/બ૧.
2. નિયામકશ્રી (આઇસીડીએસ) કચેરીના તા.૧૬/૧૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: મકમ-૧/આઇસીડીએસ/જગ્યા મંજુરી/૫૪૦૧૫૪/૨૦૨૨

//ઠરાવ//

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતેની વર્ગ-૩ની ૩૮ જગ્યાઓની સેવાઓ વધુ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવા મંજૂરી આપેલ હતી. વંચાણે લીધા (૨) પરના પત્રથી ઉક્ત જગ્યાઓ વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવા દરખાસ્ત મળેલ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૨/- નીચે દર્શાવેલ પત્રક મુજબની કુલ-૩૮ જગ્યાઓની સેવાઓ નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય ત્યાં સુધી અથવા ૧૧ માસ માટે (તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૦/૧૧/૨૦૨૩ સુધી) તે બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | આઉટસોર્સથી ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | એકાઉન્ટન્ટ | ૦૪ |
| ૨ | જુનિયર ક્લાર્ક | ૨૭ |
| ૩ | ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૨ |
| ૪ | પ્રિસ્કુલ ઈન્સ્પેક્ટર | ૦૩ |
| ૫ | ડ્રાઈવર | ૦૨ |
| કુલ | | ૩૮ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૪/૦૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

***e-signed***

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ....................
4. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
5. નાયબ નિયામકશ્રી, વિભાગીય કચેરી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) જિલ્લા પંચાયત કચેરી, જિ...............
7. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ) , મ્યુનિસિપલ કોર્પોરેશન,...............
8. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
10. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
11. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
12. શાખા સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:Satish Patel
Date: 2023.02.10
11:42:09 +05:30

File No: WCDD/AMR/e-file/23/2022/0006/B1 Branch
Approved By: P B Pandya(JS,B1 Branch,WCDD)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Signature valid

Signed by:Satish Patel
Date: 2023.02.10
11:42:09 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*